# પેપર સરળ રહેતાં વિદ્યાર્થીઓને હાશ

**બારડોલી** ઝોનમાં પ્રથમ દિવસે 17,000થી વધુ વિદ્યાર્થીએ પરીક્ષા આપી

બારડોલી: ધો.10 અને 12ની પરીક્ષાઓનો આજથી પ્રારંભ થયો છે. બારડોલી ઝોનમાં પ્રથમ દિવસે પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી, જેમાં કુલ 17,260 નોંધાયેલા વિદ્યાર્થીમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પરીક્ષા આપી હતી. એકંદરે પેપર સરળ રહેતાં વિદ્યાર્થીઓને હાશ થઈ હતી.

સવારના સત્રમાં ધો.10ની ભાષાની પરીક્ષા યોજાઈ હતી, જેમાં ગુજરાતી માધ્યમમાં 5981, અંગ્રેજીમાં 2321, હિન્દીમાં 450 અને મરાઠીમાં 49 વિદ્યાર્થી હાજર રહ્યા હતા. સમગ્ર ઝોનમાં ધો.10માં નોંધાયેલા 8959માંથી 8801 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જ્યારે 158 વિદ્યાર્થી ગેરહાજર જણાયા હતા. બપોર પછીના સત્રમાં ધો.12 સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્ર અને વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાનનું પેપર લેવાયું હતું. સામાન્ય પ્રવાહમાં કુલ 6356માંથી 6318 વિદ્યાર્થી હાજર રહ્યા હતા અને 38 ગેરહાજર હતા. જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં કુલ 2163માંથી 2141 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી અને 22 ગેરહાજર રહ્યા હતા. આ ઉપરાંત ઉદ્યોગ સાહસિકતાના વિષયમાં નોંધાયેલા તમામ 69 વિદ્યાર્થીએ હાજર રહી સો ટકા હાજરી નોંધાવી હતી.



હિતેશ પટેલ

## તરસાડાની તપસ્વી સ્કૂલ ખાતે બોર્ડ પરીક્ષાનો પ્રારંભ

માંડવી: માંડવીના તરસાડાની તપસ્વી સ્કૂલ ખાતે SSC બોર્ડ પરીક્ષાનો પરંપરાગત રીતે તિલક કરી અને મોં મીઠું કરાવી શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ સાથે પરીક્ષા હોલમાં પ્રવેશ અપાતા ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. તપસ્વી સ્કૂલમાં બોર્ડની પરીક્ષામાં કુલ 344માંથી 2 વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ નરેન્દ્રસિંહ મહિડા, રાજવીરસિંહ ગોહિલ તેમજ આચાર્ય ફાલ્ગુન શાહે વિદ્યાર્થીઓને ઉત્તમ પરિણામ માટે શુભકામનાઓ પાઠવી હતી.

## ઈમ્યુનિટી લો હોવા છતાં વિદ્યાર્થિનીએ પરીક્ષામાં આત્મવિશ્વાસ સાથે પેપર લખ્યું



બારડોલી: અસ્તાન કન્યા વિદ્યાલયની ધો.૧૦ની વિદ્યાર્થિની કવિતા ઉત્તમસિંહ રાજપૂતને છેલ્લા કેટલાક દિવસોથી ઇમ્યુનીટી લો હોવાની સમસ્યા હતી. તેનું પ્રથમ પેપર જે.એમ.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ-બારડોલીમાં હતું. આ પેપરના દિવસે પણ તેની તબિયત સારી ન હતી. જેથી વિદ્યાર્થિનીને પરીક્ષાના પ્રથમ દિવસે યોગ્ય બેઠક વ્યવસ્થા કરી આત્મવિશ્વાસ વધે તેવું હકારાત્મક વાતાવરણ સ્થળ સંચાલક સ્નેહલબેન પટેલ અને ઝોનલ ઓફિસર ડો. સંગીતાબેન મિસ્ત્રીએ પુરું પાડ્યું હતું. કવિતાએ અડગ આત્મવિશ્વાસ સાથે પેપર લખ્યું હતું.

## તાપી જિલ્લામાં ધોરણ-10માં ગુજરાતીમાં 212 વિદ્યાર્થી ગેરહાજર

વ્યારા: SSC અને HSC પરીક્ષાના પ્રારંભે વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી તેમજ મોઢું મીઠું કરાવી ઉત્સાહભેર આવકારવામાં આવ્યા હતા. ધો.10માં પરીક્ષાના પ્રથમ દિવસે ગુજરાતી માધ્યમના ગુજરાતી વિષયમાં નોંધાયેલા કુલ 7,749 વિદ્યાર્થીઓ પૈકી 7,537 હાજર રહ્યા હતા અને 212 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. તેવી જ રીતે, અંગ્રેજી માધ્યમના અંગ્રેજી વિષયમાં કુલ 496 પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા, ઉપરાંત, મરાઠી માધ્યમના મરાઠી વિષયમાં 21 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આમ કુલ ધો.10ની પરીક્ષામાં 8273 પૈકી 8054 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ધોરણ-12ના પરીક્ષાના આંકડાકીય અહેવાલ મુજબ સામાન્ય પ્રવાહના અર્થશાસ્ત્ર વિષયમાં ગુજરાતી માધ્યમના નોંધાયેલા કુલ 3919 વિદ્યાર્થીઓ પૈકી 3889 હાજર રહ્યા હતા, જ્યારે અંગ્રેજી માધ્યમના તમામ 156 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. વિજ્ઞાન પ્રવાહના ભૌતિક વિજ્ઞાન વિષયમાં ગુજરાતી માધ્યમના 1163 અને અંગ્રેજી માધ્યમના 180 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોટામિયા માંગરોળમાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

સુરત: મોટામિયા માંગરોળના કાયેમુલ ઇસ્લામ મદ્રેસા ટ્રસ્ટ સંચાલિત શૈક્ષણિક સંસ્થામાં આજથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે ધો.10 અને 12ના વિદ્યાર્થીઓને શાળાના સમગ્ર ટ્રસ્ટીમંડળ, શાળાના આચાર્યો, અન્ય શાળામાંથી આવેલા આચાર્યો, શિક્ષકો દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ ચોકલેટ આપીને સ્વાગત કરાયું હતું. ત્રણ યુનિટમાં 30 જેટલા બ્લોક પાડવામાં આવ્યા છે.

## બારડોલીના ઇજાગ્રસ્ત વિદ્યાર્થીએ વ્હીલચેર પર બેસી બોર્ડની પરીક્ષા આપી

બારડોલીની જે.એમ.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલના ધો.૧૦ના વિદ્યાર્થી ધ્રુવ લક્ષ્મણભાઈ ગિરાસે (રહે., વંદનાનગર, બાબેન)ને અકસ્માતમાં ગંભીર ફેક્ચર થયું હતું. એક માસ તેણે હોસ્પિટલમાં સારવાર લીધી હતી. પગે પ્લાસ્ટર સાથે આત્મવિશ્વાસ, ઉત્સાહ અને શાળા-તંત્રના સહયોગથી આ વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષાનું પ્રથમ પેપર આપ્યું હતું. ધ્રુવની શારીરિક સ્થિતિને ધ્યાને રાખી પરીક્ષા કેન્દ્ર બી.એ.બી. એસ. હાઈસ્કૂલ, બારડોલી ખાતે વિશેષ વ્યવસ્થા કરાઈ હતી. ઝોનલ અધિકારી સંગીતાબેન તથા ચેતનાબેને વિદ્યાર્થીને કોઈ તકલીફ ન પડે તે રીતે બેઠક વ્યવસ્થા સુનિશ્ચિત કરી હતી.

## ચાલુ પરીક્ષાએ અચાનક પેટમાં સખત દર્દ, સારવાર બાદ વિદ્યાર્થીએ પરીક્ષા આપી

પલસાણા: કડોદરાની સ્વામિનારાયણ વિશ્વ વિદ્યાપીઠમાં SSC બોર્ડની પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થી ભાવેશ પ્રજાપતિને ચાલુ પેપરે અચાનક પેટમાં સખત દર્દ થવા લાગ્યું હતું. તરત જ સ્થળ સંચાલક પ્રકાશભાઈ પાટીલે તેને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બે બહેન સવિતાબેન પાટીલ અને અર્ચનાબેન પાટીલની મદદથી પ્રાથમિક સારવાર અપાવી હતી. છતાં પણ દર્દમાં રાહત ન થતાં સ્થળ સંચાલકે ઝોન-૭૭ કચેરીના ભરતભાઈ તથા ઝોનલ અધિકારી ડો.સંગીતાબેન મિસ્ત્રીનો તાત્કાલિક સંપર્ક કરતા તેમના માર્ગદર્શન હેઠળ આ બાળક પરીક્ષાથી વંચિત ન રહે તેના માટે તરત જ ૧૦૮ ઈમરજન્સીમાં કોલ કરવા સૂચના આપી હતી. સાથે વાલીને પણ વાલીને જાણ કરી હતી. ૧૦૮ સ્ટાફે બાળકને શાળા કેમ્પસમાં પ્રાથમિક સારવાર આપતા વિદ્યાર્થીને થોડા સમય બાદ રાહત થતા અને સારું લાગતાં પરીક્ષા આપી હતી.

## કામરેજની રામકબીર હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે સેલ્ફી પોઇન્ટ બનાવાયો

કામરેજ: કામરેજ ચાર રસ્તાની ધી કે.વી. કો.ઓ.માધ્યમિક અને ગો.જી.ભક્ત ઉ.મા.શાળા (રામકબીર હાઇસ્કૂલ)માં ધોરણ-૧૦ SSC BOARDના 563 પરીક્ષાર્થીઓને ઢોલ નગારાંના નાદ સાથે, કંકુ વડે તિલક કરી પુષ્પ તેમજ બોલપેન આપી, ચોકલેટ વડે મોં મીઠું કરી ઉતસાહપૂર્ણ વાતાવરણમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. કુલ 9 દિવ્યાંગ વિદ્યાર્થી માટે ખાસ અલગથી વ્યવસ્થા કરાઈ હતી. પરીક્ષામાં 100 ટકા હાજરી નોંધાઈ હતી. પરીક્ષાર્થીઓને આવકારવા માટે સંસ્થાના માનદ મંત્રી પરેશ ભક્ત, ખજાનચી જીગ્નેશ ભક્ત, આચાર્ય શૈલેષ દેસાઈ, નિરીક્ષક કેતન દેસાઈ, કમલેશ પટેલ, સરકારી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. શાળા દ્વારા સેલ્ફીઝોનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનાથી વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રભાવિત થઇ સેલ્ફી લઇને પરીક્ષા ખંડમાં પ્રવેશ મેળવ્યો હતો. પરીક્ષા કેન્દ્ર પર ખૂબ જ સુંદર વ્યવસ્થા માટે સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ ભક્ત, માનદ મંત્રી પરેશ ભક્ત તથા સમગ્ર રામકબીર શાળા પરિવારને અભિનંદન પાઠવાયાં હતાં.



## હાથમાં ફ્રેક્ચર હોવા છતાં લહિયાની મદદ વગર બારડોલીના સવયસિંહે પરીક્ષા આપી

બારડોલી: બોર્ડની પરીક્ષા દરમિયાન એમ.બી.વામદોત સ્કૂલના વિદ્યાર્થી પુરોહિત સવયસિંહે અદભૂત આત્મબળનો પરિચય આપ્યો છે. પરીક્ષાના એક દિવસ પૂર્વે જ અકસ્માતે જમણા હાથમાં ફ્રેક્ચર થવા છતાં સવયસિંહે હાર માનવાને બદલે હિંમત બતાવી હતી. આચાર્યા આશાબેન પટેલ દ્વારા લહિયાની વ્યવસ્થા કરી આપવામાં આવી હોવા છતાં જે.એમ. પટેલ હાઈસ્કૂલ કેન્દ્ર પર સવયસિંહે સ્વ-નિર્ણય લઈ જાતે જ પેપર લખવાનું નક્કી કર્યું હતું. તેણે જણાવ્યું કે જાતે લખવાથી તે પ્રશ્નોને વધુ સારી રીતે ન્યાય આપી શકશે. ઝોનલ અધિકારી અને આચાર્યોએ તેની આ ખુમારીને બિરદાવી હતી.

## બારડોલીમાં SSCની પરીક્ષાના પ્રથમ દિવસે જ ખાનગી શાળાનું માર્કેટિંગ

બારડોલી: આજથી રાજ્યભરમાં એસ.એસ.સી.ની પરીક્ષાઓનો પ્રારંભ થયો છે. એક તરફ તંત્ર અને શિક્ષણ જગત વિદ્યાર્થીઓ તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપે તેવા પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે બારડોલી નજીક આવેલી એક નામાંકિત ખાનગી શાળાએ નૈતિકતાના તમામ સીમાડા ઓળંગી દીધા હોવાની ઘટના સામે આવી છે. આ શાળા દ્વારા પરીક્ષા કેન્દ્ર પર પહોંચતા માસૂમ વિદ્યાર્થીઓને આકર્ષવા માટે શાળાની જાહેરાતનાં પેમ્પ્લેટ અને ખાનગી ટ્યુશન ક્લાસિસના નામ લખેલી બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઋષિમુનિઓના પવિત્ર નામ સાથે સંકળાયેલી આ સંસ્થાની આવી ‘બજારુ’ વૃત્તિને કારણે શિક્ષણ જગતમાં ચર્ચાઓ જાગી છે. પરીક્ષાના ટેન્શન વચ્ચે વિદ્યાર્થીઓના મગજમાં અત્યારથી જ એડમિશન માટેનો પ્રચાર ઘુસાડવાના આ પ્રયાસને વાલીઓએ સખત શબ્દોમાં વખોડી કાઢ્યો છે. વાલીઓનું કહેવું છે કે, જે સમયે વિદ્યાર્થીઓને આશીર્વાદ અને પ્રોત્સાહનની જરૂર હોય, તે સમયે શાળા સંચાલકો પોતાના આર્થિક ફાયદા માટે માર્કેટિંગ કરી રહ્યા છે. શિક્ષણધામ કે બિઝનેસ સેન્ટર? એવો પ્રશ્ન હાલ સોશિયલ મીડિયા અને લોકમુખે ચર્ચાઈ રહ્યો છે. શૈક્ષણિક મૂલ્યોનું ચીરહરણ કરતા આવા સંચાલકો સામે શિક્ષણ વિભાગ કડક પગલાં ભરે તેવી માંગ ઊઠી છે. જો સમયસર રોક લગાવવામાં નહીં આવે, તો પરીક્ષા કેન્દ્રો માત્ર ખાનગી સંસ્થાઓના પ્રચાર મેદાન બની જશે તેવો ભય સેવાઈ રહ્યો છે.

# પરીક્ષાનો પહેલો દિવસ: ભરૂચમાં ગેરરીતિનો એકપણ કેસ ન નોંધાયો







**ધો-10** અને ધો-12માં 31,374 વિદ્યાર્થીએ પરીક્ષા આપી

ભરૂચ, અંકલેશ્વર, ઝઘડિયા, પાલેજ: ભરૂચ જિલ્લામાં ધો-10 અને ધો-12માં 31,374 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. આ વર્ષે ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓમાં 48 કેન્દ્ર ખાતે 1286 બ્લોકમાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. ધો-10માં ગુજરાતીમાં કુલ 16577 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને 407 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. હિન્દી (FL-2)માં 179 વિદ્યાર્થી હાજર અને 5 ગેરહાજર, અંગ્રેજી (FL-04)માં 3125 હાજર અને 10 ગેરહાજર, ઉર્દૂ (FL-05)માં 11 હાજર, મરાઠી (3)માં 46 હાજર અને 1 ગેરહાજર અને સાહિત્યમ (502)માં 11 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ધો-12માં ભૌતિક વિજ્ઞાનમાં 3245 વિદ્યાર્થી હાજર રહ્યા અને ૩૩ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા. અને ઉદ્યોગ સાહસિકતામાં 76 વિદ્યાર્થી હાજર અને 65 ગેરહાજર, અનિવાર્ય વ્યાકરણમ વિષયમાં 21 હાજર અને અર્થશાસ્ત્રમાં 8084 હાજર રહ્યા હતા. ભરૂચ જિલ્લામાં એકપણ ગેરરીતિનો કેસ નોંધાયો નથી. ધોરણ-10માં કુલ 96 દિવ્યાંગ વિદ્યાર્થી પૈકી 87 વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા. અંકલેશ્વર ઝોનમાં કુલ ૪૨ પરીક્ષા બિલ્ડિંગોમાં એસએસસી બોર્ડની પરીક્ષાઓ યોજાઈ રહી છે, જેમાં અંદાજે ૧૦૩૮૩ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. તંત્ર દ્વારા 70થી વધુ ઓબ્ઝર્વરની નિમણૂક કરવામાં આવી છે.

# દિલ્હી-મુંબઈની મંદીની અસર વ્યારામાં: માર્કેટમાં ભીંડા ફેંકી વિરોધ

**રૂ.1150ના** ભીંડાનો ભાવ રૂ.950 પર પહોંચતાં ખેડૂતોએ ધમાલ મચાવી, હરાજી અટકી પડી



વ્યારા: તાપી જિલ્લાના મુખ્ય મથકે વ્યારા માર્કેટ યાર્ડમાં ભીંડાની હરાજી દરમિયાન વેપારીઓ દ્વારા ભીંડાનો ભાવ ઓછો બોલાતાં ખેડૂતોએ ભીંડા ફેંકી વિરોધ નોંધાવ્યો હતો. જેને લઈને માર્કેટ યાર્ડમાં પરિસ્થિતિ તંગ બનતા કલાકો સુધી વેપારીઓ દ્વારા ભીંડાની હરાજી બંધ રહી હતી. વેપારીઓએ ભીંડા ખરીદી કરવાનું બંધ કરતાં માર્કેટ પરિસરમાં ભીંડા લઈને આવેલા વાહનોને કારણે માર્કેટ યાર્ડમાં મુખ્ય દરવાજા સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને સમગ્ર મામલો શાંત પાડવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારબાદ કલાકો સુધી વેપારીઓ અને ખેડૂતોને સમજાવ્યા બાદ ફરી ભીંડાની હરાજીની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વ્યારા માર્કેટમાંથી સ્થાનિક વેપારીઓ દ્વારા ભીંડાની ખરીદી કરી હાલ અમદાવાદ, દિલ્હી, મુંબઈ, જયપુર, કોલકાતા સહિતનાં બજારોમાં સપ્લાય કરવામાં આવી રહ્યાં છે. જ્યાંના વેપારીઓ દ્વારા આગામી 28મી તારીખ સુધી ભીંડાની ખરીદીમાં ઘટાડો કરવામાં આવ્યો હોવાથી વ્યારા માર્કેટમાં ગત બુધવારે ભીંડાના ભાવ પ્રતિ 20 કિલોએ રૂપિયા 1150ની આસપાસ હતો, જેમાં ગતરોજ 50થી 100 રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. ત્યારે હરાજી દરમિયાન પ્રતિ 20 કિલોએ 950થી 960 જેટલો ભાવ બોલાયો હતો. આથી કેટલાક ખેડૂતોએ માર્કેટમાં ભીંડા ફેંકીને વિરોધ કર્યો હતો અને વેપારીઓ સાથે ઝઘડો કરવાનો પ્રયાસ થતાં વેપારીઓએ ભીંડાની ખરીદી બંધ કરતાં હરાજી અટકી પડી હતી. વિવાદ બાદ પોલીસની દરમિયાનગીરીથી મામલો થાળે પડ્યો હતો. બાદ હરાજી ફરી શરૂ કરી 900થી 950-960ના ભાવે ભીંડાની ખરીદી શરૂ કરી હતી જેને પગલે જિલ્લાભરમાંથી દૂર દૂરથી ભીંડા વેચવા માટે આવેલા ખેડૂતોએ પણ હાશકારો અનુભવ્યો હતો.


Milano MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Laagni No melo-Gujarati
05:00pm
O' Romeo - 10:30am
Mardaani 3 - 02:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


## સંક્ષિપ્ત સમાચાર

### કાનપુરામાં મોબાઈલ હેક થતાં 1 લાખ ગાયબ

વ્યારા: વ્યારામાં મોબાઈલ હેક કરી રૂ.1 લાખની ઓનલાઈન છેતરપિંડીની ઘટના પ્રકાશમાં આવી છે. કાનપુરાની અયોધ્યાનગરીમાં રહેતા ઉમેશભાઈ શિવદેએ પોતાનો ફોન ચાર્જમાં મૂક્યો હતો. દરમિયાન અજાણ્યા ભેજાબાજે તેમનો મોબાઈલ હેક કરી બેંક ઓફ બરોડાના ખાતામાંથી બે ટ્રાન્ઝેક્શન દ્વારા 1,00,000 સેરવી લીધા હતા. નાણાં કપાયાના મેસેજ આવતા જ ભોગ બનનારે આ અંગે સાયબર ફ્રોડની લેખિત ફરિયાદ નોંધાવી છે.

### મહુવામાં દારૂ ભરેલી કાર ઝડપાઈ

પલસાણા: સુરત એલ.સી.બી.એ બાતમીના આધારે મહુવાની સીમમાં કરચેલીયા રોડથી મહુવા તરફ આવી રહેલી દારૂ ભરેલી સફેદ રંગની મારુતિ ઈકો કાર નં.(GJ-19-BA-4441)નો પોલીસે પીછો કર્યો હતો. મિયાપુર ચોકડી પાસે વોચ દરમિયાન પકડાઈ જવાની બીકે ચાલક પૂર્ણા નદીના જૂના બ્રિજ પાસે કાર મૂકી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. પોલીસે કારની તપાસ કરતાં તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની દારૂની 1,224 બોટલ મળી આવી હતી. પોલીસે 3.08 લાખનો દારૂ અને 4 લાખની કાર મળી કુલ 7,08,640નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલમાં ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

### વાંકલમાં ડુક્કરે હુમલો કરતાં એક ઘાયલ

વાંકલ: વાંકલ ગામે ટેલિફોન એક્સચેન્જ પાસે રહેતા વિપુલભાઈ રાઠોડ પર સવારે 10 વાગ્યે શૌચક્રિયા દરમિયાન જંગલી ભૂંડે ઓચિંતા હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકને ગુપ્ત ભાગે ગંભીર ઈજા પહોંચતા વાંકલ આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે માંડવી ખસેડાયો હતો. આ ઘટના સંદર્ભે વિપુલભાઈએ વાંકલ પોલીસ મથકે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે અને ડુક્કર છોડી જનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### પલસાણાના બલેશ્વરમાં કંપનીના કર્મચારીના બંધ ઘરમાં તસ્કરો ત્રાટક્યા

પલસાણા: બલેશ્વરની લક્ષ્મીનારાયણ સોસાયટી (સાંઈ વિલા)માં ચોરીની ઘટના સામે આવી છે. ઝોમેટો હાઈપર પ્યોર કંપનીમાં ફરજ બજાવતા શક્તિપ્રકાશ ઉદયપ્રતાપ સિંગ ગત 16 ફેબ્રુઆરીની રાત્રે ઊંઘતા હતા, ત્યારે કોઈ અજાણ્યા તસ્કરે ઘરમાં પ્રવેશી હાથફેરો કર્યો હતો. તસ્કરો ઘરમાંથી =20,000નું કંપનીનું લેપટોપ, 7,000નો મોબાઈલ, રોકડ અને લેધર બેગ મળી કુલ 27,500ની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સવારે જાગતા ચોરીની જાણ થતા ભોગ બનનારે સૌપ્રથમ ઈ-એફ.આઈ.આર. કરી હતી. ગઈકાલે 25 ફેબ્રુઆરીએ પલસાણા પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ તેજ કરી છે.

### આશ્રવા ગામની મોબાઈલ ચોરીનો ભેદ ઉકેલાયો

કુકરમુંડા: કુકરમુંડાના આશ્રવા ગામેથી રૂ.12,999ના ઓપો મોબાઈલની ચોરી મામલે CEIR પોર્ટલની મદદથી પોલીસે મહારાષ્ટ્રના તલોદાના મોડગામના આરોપી ધરમભાઈ પાડવીની ધરપકડ કરી મોબાઈલ કબજે કર્યો છે. જો કે, અન્ય આરોપી સોમનાથ પાડવી હજુ ફરાર હોવાથી પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### કુકરમુંડામાં દારૂનો વોન્ટેડ આરોપી ઝડપાયો

કુકરમુંડા: કુકરમુંડા પોલીસે મટાવલ ચેકપોસ્ટ પરથી અગાઉ ઝડપાયેલા રૂ.3.48 લાખના દારૂના કેસમાં મુખ્ય વોન્ટેડ આરોપી અનિલ ભાંવર (ઉં.વ.35) (રહે, વાસોણા, સેલવાસ)ની ધરપકડ કરી છે. ગત 4 ફેબ્રુઆરીએ કારમાં દારૂ સપ્લાય કરવાના ગુનામાં તે ફરાર હતો. નવસારી એલસીબીએ અન્ય કેસમાં તેની અટકાયત કરતાં, કુકરમુંડા પોલીસે ટ્રાન્સફર વોરંટ દ્વારા તેનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાંસકુઈમાં ૧ માર્ચે ગોળીગઢ બાપાનો ઐતિહાસિક મેળો ભરાશે

અનાવલ: અંબિકાના વાંસકુઇ ગામે દર વર્ષે હોળી પહેલાં આવતા રવિવારે યોજાતો ગોળીગઢ બાપાનો પ્રખ્યાત મેળો આ વર્ષે ૧ માર્ચે ભરાવાનો છે. મેળાને લઈ ગામ અને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. દક્ષિણ ગુજરાતનો સૌથી મોટો ગણાતો આ મેળો ખાસ કરીને નવસારી, તાપી, ડાંગ અને વલસાડ સહિતના આદિવાસી સમાજ માટે આસ્થા અને પરંપરાનું કેન્દ્ર બની રહ્યો છે. હોળી પૂર્વેના રવિવારે વાંસકુઇ સ્થિત ગોળીગઢ બાપાના મંદિરે જ વર્ષમાં એક જ દિવસે બાધા ચઢાવવામાં આવતી હોવાથી હજારો શ્રદ્ધાળુઓ અહીં ઊમટી પડે છે. સ્થાનિક માન્યતા મુજબ ગુમડા, ઓરી અને અછબડા જેવા રોગોમાંથી મુક્તિ મળતા લોકો અહીં આવી માનતા પૂર્ણ કરે છે. આ પરંપરાને કારણે દક્ષિણ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો મેળામાં હાજરી આપે છે. લાખો શ્રદ્ધાળુઓ ઉમટવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા અને વ્યવસ્થાની પૂરતી તૈયારીઓ હાથ ધરાઈ છે. અનિચ્છનીય બનાવો ટાળવા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાશે. શ્રદ્ધાળુઓને સુવિધા રહે તે માટે એસટી વિભાગ દ્વારા બારડોલી, સુરત, નવસારી અને બીલીમોરા ડેપોથી વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવે છે.


જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ ભરૂચ, સબ ડી. અંકલેશ્વર મોજે શહેર અંકલેશ્વરના રે. સર્વે નં. ૫૪૫-અ, સીટી સર્વે નં. ૩૫૩૭, ટી.પી.સ્કીમ નં. ૧, ફા.પ્લોટ નં. ૧૦૧ વાળી જમીનમાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. બી-૯ જમીનના માલીક સકીલા મેહબુબઅલી સૈયદની માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ છે. પરંતુ સદરહુ મીલકતના અસલ દસ્તાવેજો પૈકી જુના અસલ વેચાણ દસ્તાવેજ નં. ૫૯૭,તા. ૩૧.૦૩.૧૯૮૭ નો અસલ વેચાણ દસ્તાવેજ તેમજ રજી.પાવતી ગેરવલ્લે/ ગુમ થઈ ગયેલ છે. સબબ, આ મીલકત ઉપર જો કોઈ વ્યકિત, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો હકક, હિત, હિસ્સો, લાગ, ભાગ, અધિકાર, લેણાં, બોજો કે દર દાવો હોય તો દિવસ-૭ ની મુદતમાં તમામ પુરાવા સહિત, રૂબરૂમાં લેખીત જાણ કરવી. નહીતર તેઓએ હકો જતા કર્યો હોવાનું માની લોનની કાર્યવાહી સંપુર્ણ કરવામાં આવશે. ત્યારબાદ, કોઈની તરતકરાર ચાલશે નહી તેની સૌએ નોધ લેવી. (તા.૨૭.૦૨.૨૦૨૬)

રાકેશ વી. નાયર / પારૂલ આર. નાયર (એડવોકેટ)
(ઓ) ૨૦૪, દલાલ ચેમ્બર્સ, બેજનજી કોટવાલ સ્ટ્રીટ, નાનપુરા, સુરત.
મો.૯૯૯૮૪ ૬૪૮૮૪ / ૮૪૦૧૨ ૪૫૫૨૫



મહેરબાન ઓલપાડના એડીશનલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં
(બીજો માળ, ઓલપાડ ન્યાયાલય, હાથીસા રોડ, ઓલપાડ, સુરત.)

અરજદાર : સુમનબેન કાંતિભાઈ વિગેરે... વિરૂદ્ધ
સામાવાળા નં. - (૧૩) મહેશચંદ્ર લલ્લુભાઈ પટેલ
રહે. મુ. પીંજરત, બેંક ઓફ બરોડાની સામે, તા. ઓલપાડ, જી. સુરત.

ફરી ફાઈલ અરજી નં. ૩૪/૨૦૨૫
વાદીના વકીલ શ્રી અમીત પી. નાગર

જાહેર સમન્સ

આ કામના વાદીએ ઓલપાડ કોર્ટમાં રે.દી.મુ નં-૮૨/૨૦૧૮ થી તા-૨૪/૦૮/૨૦૧૮ ના રોજ દાવો દાખલ કરેલ હતો જેની વિગત આ મુજબ- મોજે ગામ પીંજરતના બ્લોક નં.૫૪૦, ૧૦૧૪, ૪૭, ૧૦૧૮, ૪૦૫, ૩૬૪ વાળી જમીનો બાબતે જાહેરાત તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો કરેલ હતો ત્યારબાદ સદર દાવો નામદાર કોર્ટ દ્વારા તા. ૨૫/૦૮/૨૦૨૫ ના રોજ સદર દાવો ડી.ડી. કરવામાં આવેલ અને ત્યાર પછી તા. ૨૬/૦૯/૨૦૨૫ ના રોજ દાવો રીસ્ટોર કરવા માટે અરજી કરવામાં આવેલ જે અરજી લગત તમો સામાવાળા નં. ૧૩ ઉપર સમન્સ કાઢવામાં આવેલ. પરંતુ સદર સમન્સ તમોને બજાવવા જતા બજતા નથી. જેથી તમોને દૈનિક પેપર દ્વારા નામદાર કોર્ટના પ્રોસેસની બજવણી જાહેર રીતે કરવામાં આવે છે કે, સદર દાવાની હવે પછીની ઠરાવ તા.૧૦ માહે માર્ચ સને ૨૦૨૬ આપવામાં આવેલ છે. જેથી તે દિવસે તમોએ જાતે અગર વકીલ મારફત સવારે ૧૧-૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરી સદર ઉપરોક્ત નંબરના દાવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા.૨૫ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરેલ છે.

તૈયાર કરનાર (સહી) (એન. આર. ગોસ્વામી) આસીસ્ટન્ટ, સીવીલ કોર્ટ, ઓલપાડ | મુકાબલ કરનાર (સહી) (એમ. ડી. પટેલ) સુપ્રિન્ટેન્ડન્ટ, સીવીલ કોર્ટ, ઓલપાડ | કોર્ટનો સિકકો | હુકમથી (સહી) (વાય. એમ. ખેંગાર) રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ, ઓલપાડ

તા. ૨૭/૦૨/૨૦૨૬